(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903]. Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૨૫૬/૨૦૨૦**
**આંક:– ૨૯**
**(FILE- C)**

આરોપી તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

માારું નામ:– ગીરીશદાન પિતા/પતિનું નામ:– પરબતસંગ ટાપરીયા

ઉ.વ.:– ૪૫

ધંધો:–એ.એસ.આઈ. સરનામુ:– હળવદ પો.સ્ટે. જી.મોરબી

**સોગંદ આપ્યા.....**

**આરોપી પક્ષે સરતપાસ વિ. વ.શ્રી એલ.જી.સોનગ્રા**

(૧) હું હળવદ પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવું છું. હું હળવદ પોલીસ સ્ટેશનમા છેલ્લા બે–અઢી વર્ષથી ફરજ બજાવું છું. કોઈપણ બનાવ બને તો હળવદ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા આવે. હળવદ પોલીસ સ્ટેશનમાં અરજદારો મૌખીક તથા લેખીત તથા આર.પી.એડી.થી તથા ટપાલ મારફત ફરીયાદો કરતા હોય છે. અરજદારની અરજી અન્વયે અમો અરજદારને તપાસનાં કામે બોલાવતા હોઇએ છીએ અને તે સંબંધીત નીવેદન લેતા હોઈએ છીએ. અરજદારની ફરીયાદ અન્વયે ગુન્હો બનતો બનતો હોય તો એફ.આઈ.આર. નોંધવામાં આવે છે અને જો ગુન્હો બનતો ન હોય તો ફરીયાદ દફતરે (ફાઈલે)કરવામાં આવે છે.

(૨) હું સને ૨૦૨૦માં હળવદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો. દયારામભાઈ નાગરભાઈ દલવાડી રહે. નવા ઈસનપુરવાળાએ તા. ૨૬/૯/૨૦૨૦નાં રોજની હળવદ પોલીસ સ્ટેશનમાં એચ.ડી.એફ.સી. બેંક,હળવદ શાખાના ચેકો તથા દેના બેંક,હળવદ શાખાના ખાતા નંબર ૦૨૫૬૧૦૦૩૩૨૯૧ના ચેકબુકના ચેક નંબર ૨૮૧૦૪૫, ૨૮૧૦૪૬,૨૮૧૦૪૮ થી ૨૮૧૦૫૦વાળા સહી કરેલા ચેકો તથા બજાજ કંપનીનું પ્લેટીના જીજે ૧૩ એએ ૯૪૮૫ની અસલ આર.સી.બુક તથા ચુંટણીકાર્ડ તથા થેલ્લામાં રહેલ રકમ રૂા. ૨૪,૦૦૦/– જે જયભવાની પેટ્રોલપંપ લખેલ થેલી ખોવાઈ ગયેલ જે બાબતની જાણવાજોગ અરજી આપેલી. મને માર્ક ૧૮/૨ બતાવવામાં આવે છે. આ અરજીમાં દયારામભાઈની સહી છે. માર્ક ૧૮/૨ રજુ દાખલ **આંક ૩૦**.

(૩) દયારામભાઈ નાગરભાઈ દલવાડી રહે. નવા ઈસનપુરવાળાએ હળવદ પોલીસ સ્ટેશનમાં તારીખ ૨૦/૧૧/૨૦૨૦નાં રોજ રજીસ્ટર્ડ એડી. મારફતે લેખીત અરજી આવેલી. જે હળવદ પોલીસ સ્ટેશનના અરજી રજીસ્ટર ક્રમ નંબર ૧૨૩/૨૦૨૦ તારીખ ૩૦/૧૧/૨૦૨૦થી

નોંધ કરેલ છે. આ નોંધની નકલ આજરોજ હું લાવેલ છું. જેને રજુ દાખલ **આંક ૩૧.** મને માર્ક ૧૮/૩ બતાવવામાં આવે છે. આ અરજીમાં દયારામભાઈની સહી છે. માર્ક ૧૮/૩ રજુ દાખલ **આંક ૩૨.** આ બંને અરજીના કામે પક્ષકારોના નીવેદનો લીધેલા કે કેમ તે તપાસના કાગળો જોઈને હું કહી શકુ. આ બંને અરજીના કામે પક્ષકારોના નીવેદનો આજરોજ હું સાથે લાવેલ નથી. આવા નીવેદનો પોલીસ સ્ટેશનના રેકર્ડમાં તપાસ કરી મળી આવે તો હું રજુ રાખીશ.

**આ તબ્બકે સાહેદ તર્ફે દસ્તાવેજો રજુ કરવા માટે તારીખ ૧૨/૯/૨૦૨૫ની તારીખ આપી.**

સ્થળ:– હળવદ.
તારીખ:– ૨૨/૮/૨૦૨૫
સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.